# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૦-A તા.૧૪-૬-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :- શાળા તત્પરતા કાર્યક્રમ અને પ્રજ્ઞા અમલીકરણ બાબત.**

**સંદર્ભઃ- (૧) પત્ર ક્રમાંકઃ જીસીઈઆરટી/તાલીમ/૨૦૧૯-૨૦/૨૨૭૨૩-૮૪ તા.૧૪-૬-૧૯ જીસીઈઆરટીનો પત્ર.**

**(૨) જશભ/તાલીમ/૨૦૧૯/૨૪૭૩-૭૫ તા.૧૪-૬-૧૯નો પત્ર**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષયે અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગ અને જીસીઈઆરટી, ગાંધીનગરની સૂચના મુજબ તમામ માધ્યમના ધો.૧ના વર્ગશિક્ષક માટે **શાળા તત્પરતા કાર્યક્રમની** એક દિવસીય શિક્ષક તાલીમનું આયોજન તા.૧૧-૦૬-૨૦૧૯ના રોજ આપવામાં આવેલ હતી. સંદર્ભિત પત્ર-૨ મુજબ ધો.૧ અને ૨ના તમામ શિક્ષકોએ શાળા તત્પરતાની તાલીમ લેવાની છે. ધો.૨ના શિક્ષકો અને બાકી રહી ગયેલા ગેરહાજર શિક્ષકોએ(તા.૧૧-૬-૨૦૧૯ના રોજ ધો.૧ની તાલીમમાં ગેરહાજર શિક્ષકો) બિનચૂક તા.૧૮-૬-૧૯ ને મંગળવારના રોજ સવારે ૧૦.૩૦ થી ૧૭.૩૦ કલાક માટે નીચે મુજબના સ્થળે યોજાશે તો આપની શાળાના ધો.૧ માં તાલીમ દરમ્યાન ગેરહાજર અને ધો.૨ ના શિક્ષકોને સર્વ શિક્ષા અભિયાનના યુઆરસી ઝોન મુજબ દર્શાવેલ સ્થળે તાલીમ લેવા માટે બિનચૂક મોકલી આપવાના રહેશે.

| **ક્રમ** | **યુઆરસી ઝોન** | **તાલીમનું સ્થળ** | **તારીખ** | **સમય** |
|---|---|---|---|---|
| ૧ | ઉત્તર | એસ.આર.પી.શાળા નં.૨<br>એસ.આર.પી. કેમ્પસ, સૈજપુર | ૧૮-૬-૧૯<br>મંગળવાર | ૧૦.૩૦ થી<br>૧૭.૩૦ |
| ૨ | દક્ષિણ | કાંકરિયા શાળા નં.૬<br>જુના ઢોર બજાર પાસે, કાંકરિયા | | |
| ૩ | પૂર્વ | બાપુનગર શાળા નં.૩<br>કલ્યાણ કેન્દ્રની સામે, બાપુનગર | | |
| ૪ | પશ્ચિમ | એલિસબ્રીજ શાળા નં.૨<br>પરિમલ અંડરપાસ પાસે, પાલડી | | |

➤ **પ્રજ્ઞા શાળાઓએ નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.**

- જે વિદ્યાર્થીઓ બીજા ધોરણમાં છે તેમનું મૂલ્યાંકન કરી તેઓ જે સ્તરે છે તે સ્તરથી શિક્ષણ કાર્ય કરાવવાનું છે. એટલે કે જો કોઈ વિદ્યાર્થીઓએ પહેલા ધોરણના તમામ એકમ પૂર્ણ ન કર્યા હોય તો આવા બીજા ધોરણના વિદ્યાર્થીઓને પહેલા ધોરણની લેડર મુજબ શિક્ષણકાર્ય કરાવવાનું રહેશે.
- શાળા તત્પરતા કાર્યક્રમ ત્રણ સપ્તાહનો છે. આ ત્રણ સપ્તાહ દરમ્યાન ધો.૧ના વિદ્યાર્થીઓ પોતાની પ્રવૃત્તિ પુસ્તિકામાં પ્રવૃત્તિઓ વ્યક્તિગત રીતે કરશે. જયારે એજ વર્ગમાં ધો.૨ના વિદ્યાર્થીઓ પ્રજ્ઞા અભિગમ મુજબ પોતાનું કાર્ય કરશે. આ ઉપરાંત ધો.૧ માટેની આખા સમુહની પ્રવૃત્તિઓ જેવી કે ગીત, અભિનયગીત અને રમતની પ્રવૃત્તિઓ ધો.૧ અને ૨ના વિદ્યાર્થીઓને એક સાથે કરાવવી. જેથી બીજા ધોરણના વિદ્યાર્થીઓની સાથે રહીને પહેલા ધોરણના વિદ્યાર્થીઓ સરળતાથી બધી પ્રવૃત્તિઓમાં સામેલ થઈ શકે.

તા.૧૪-૬-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી